# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 3-9-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ તમામ શૈક્ષણિક સંસ્થાનોમાં વિદ્યાર્થિનીઓ માટે સલામત વાતાવરણ બનાવવાની સલાહ આપી
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રુનેઈ અને સિંગાપોરના પ્રવાસ માટે રવાના થયા
- ✓ કેન્દ્રીય મંત્રીમંડળની સલામતી બાબતોની સમિતિએ વાયુસેનાના લડાકુ સુખોઈ વિમાનો માટે 240 એરો-એન્જિનની ખરીદીને મંજૂરી આપી
- ✓ પેરિસ પેરાલિમ્પિક્સ રમતમાં આજે ભારત નિશાનેબાજી, તીરંદાજી અને એથ્લેટિક્સ સહિત વિવિધ સ્પર્ધામાં ચંદ્રક જીતવા મેદાને ઉતરશે..
- ✓ તેલંગાણામાં હજુ પણ કેટલાંક ભાગોમાં ભારે વરસાદઃ રાહત કાર્ય ચાલુ

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PUNE PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, દીકરીઓ દેશના વિકાસનો અભિન્ન ભાગ હોવાથી તમામ શૈક્ષણિક સંસ્થાનોમાં વિદ્યાર્થિનીઓ માટે સલામત વાતાવરણ બનાવવું જોઈએ. મહારાષ્ટ્રમાં પુણેની સિમ્બાયોસીઝ યુનિવર્સિટીના 21મા પદવીદાન સમારોહમાં આજે સંબોધન દરમિયાન સુશ્રી મુર્મૂએ આ મુજબ જણાવ્યું હતું.

દરમિયાન સુશ્રી મુર્મૂએ સમાનતા પર ભાર મૂકવા સાથે સર્વસમાવેશક વિકાસ તરફ યુનિવર્સિટીના પ્રયાસોની પણ પ્રશંસા કરતા કહ્યું, અગિયારમાંથી આઠ સુવર્ણ ચંદ્રક વિજેતા વિદ્યાર્થિની હતી. રાષ્ટ્રપતિએ ઉંમેર્યું, શૈક્ષણિક સંસ્થાઓએ મૂલ્ય આધારિત શિક્ષણ પૂરું પાડવાનું લક્ષ્ય રાખવું જોઈએ અને વિદ્યાર્થીઓને સમાજની સંસ્કૃતિ અને જરૂરિયાતોને સમજવામાં મદદ કરવી જોઈએ. દરમિયાન તેમણે સમાજના વંચિત વર્ગોને ધ્યાનમાં રાખીને આરોગ્ય સંભાળ ઉત્પાદનો વિકસાવવાનું પણ સૂચન કર્યું હતું.

# PM MODI MESSAGE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રુનેઈ અને સિંગાપોરના પ્રવાસ માટે રવાના થયા

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આજે તેઓ બ્રુનેઈ દારૂસલેમની પહેલી દ્વિપક્ષીય યાત્રા પર જઈ રહ્યા છે ત્યારે બંને દેશ રાજદ્વારી સંબંધોને 40 વર્ષ પૂર્ણ થવાના અવસર ઉજવી રહ્યા છીએ.

તેઓએ મહામહિમ સુલતાન હાજી હસનલ બૉલ્કિયા અને શાહી પરિવારના સભ્યો સાથે બેઠકમાં ઐતિહાસિક સંબંધોને નવી ઊંચાઈએ લઈ જઈ શકાય તે માટે આતુર હોવાનું જણાવ્યું હતું

શ્રી મોદીએ ઉંમેર્યું, આવતીકાલની સિંગાપોરના પ્રવાસે દરમિયાન તેઓ વ્યવસાયિક સમુદાયના નેતાઓ સાથે મુલાકાત કરશે અને સિંગાપોરની સાથે વ્યૂહાત્મક ભાગીદારી, ખાસ કરીને અદ્યતન ઉત્પાદન, ડિજિટલાઇઝેશન અને ટકાઉ વિકાસના નવા અને ઉભરતા ક્ષેત્રો અંગે ચર્ચા કરશે..

# JAISHANKAR-SINGAPORE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે ભારત અને સિંગાપોર વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવા પર ભાર મુકયો.

પ્રધાન નરેન્દ્ર મોદીની સિંગાપોરની મુલાકાત પહેલાં સિંગાપોરના એક અંગ્રેજી દૈનિકને આપેલા ઇન્ટરવ્યુમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે છેલ્લા બે દાયકામાં બંને દેશો વચ્ચેના સંબંધો ઘનિષ્ટ બની રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, અસ્થિર અને અનિશ્ચિત વિશ્વમાં બે દેશ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોમાં ગાઢ સહયોગની  ભાગીદારી માટે એકમેક પર વિશ્વાસની સાથે ઊંડી સમજણ પર આધારિત છે.

દરમિયાન, સિંગાપોરમાં ભારતીય હાઈ કમિશનર ડૉ. શિલ્પક એમ્બુલેએ જણાવ્યું હતું કે, ભારત અને સિંગાપોર નવા અને ઉભરતા ક્ષેત્રોમાં સંબંધોને વધુ વેગ આપવા માટે વધુ માં વધુ સહયોગ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, સિંગાપોર આસિયાન દેશોમાં ભારતનું જોડાણનું આધારસ્તંભ રહ્યું છે.

# CABINET GRANTS SUKHOI PURCHASE

કેન્દ્રીય મંત્રીમંડળની સુરક્ષા બાબતોની સમિતિએ ભારતીય વાયુસેનાના લડાકુ સુખોઈ વિમાનો માટે 240 એરો-એન્જિનની ખરીદીની જોગવાઈને મંજૂરી આપી દીધી છે. હિન્દુસ્તાન એરોનૉટિક્સ લિમિટેડ પાસેથી 26 હજાર કરોડ રૂપિયના ખર્ચે આ એરો-એન્જિનની ખરીદી કરાશે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, આ એરો એન્જિનને સોંપવાનું કામ એકવર્ષ બાદ શરૂ થશે અને આઠ વર્ષમાં તે પૂર્ણ કરાશે. આ એન્જિન 54 ટકા સ્વદેશી ચીજવસ્તુઓથી બનેલા છે અને તેના કેટલાક મુખ્ય ઘટકોને દેશમાં જ તૈયાર કરવામાં આવ્યા છે. હિન્દુસ્તાન એરોનૉટિક્સ લિમિટેડના કોરાપુટ વિભાગમાં આ એન્જિનનું નિર્માણ કરાશે.

# INDIA-INNOVATIONINDEX

ભારત વૈશ્વિક નવીનીકરણ સૂચકાંક (GII)માં વૈશ્વિક સ્તરે 132 દેશની સરખામણીમાં 40મા સ્થાને પહોંચ્યું છે. વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO) દ્વારા પ્રકાશિત ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ (GII) ની 2023 આવૃત્તિમાં આ

જાહેરાત કરી હતી. નીતિ આયોગે જણાવ્યું હતું કે, ભારત એવા દેશોના સમૂહનો એક ભાગ છે જેણે છેલ્લા એક દાયકામાં GII રેન્કિંગમાં સૌથી ઝડપથી આગળ વધી રહ્યો છે.

એક અહેવાલ મુજબ, ભારત છેલ્લા દાયકામાં નવીન શોધમાં ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. ભારત પ્રાદેશિક GII લીડર તરીકે ઉભરી આવ્યું છે કારણ કે તેણે આર્થિક વિકાસના સ્તરની તુલનામાં નવીન શોધ અને નવીનતા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે તેથી સતત 13 માં વર્ષે પણ નવીન શોધ અને તેની કાર્યક્ષમતાની સતત વધારી રહ્યું છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## ARMED FORCES FESTIVAL-UTTAR PRADESH

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ લખનૌ કેન્ટોનમેન્ટના સૂર્ય ખેત સંકુલમાં આજથી ત્રણ દિવસના સશસ્ત્ર દળ ઉત્સવનો પ્રારંભ કરાવશે.

આ ઉત્સવમાં આત્મનિર્ભર ભારતના ભાગરૂપે વિકસિત અદ્યતન લશ્કરી સાધનોનું પ્રદર્શન કરાશે. નાગરિકો ટેન્ક, હેલિકોપ્ટર અને શસ્ત્ર પ્રણાલી સહિત અત્યાધુનિક શસ્ત્રો જોઈ શકશે.

## PM NITYA SHREE SIVAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પેરાલિમ્પિક્સ રમતમાં મહિલા સિંગલ્સ એસએચ-6 શ્રેણીમાં નિત્યા શ્રે સિવનને કાંસ્ય ચંદ્રક જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

સોશિયલ મીડિયાના સંદેશમાં શ્રી મોદીએ તેમની પ્રશંસા કરતા તેમની આ સિદ્ધિથી અસંખ્ય લોકો પ્રેરિત થશે તેવું જણાવ્યું હતું. શ્રી મોદીએ કહ્યું, આ જીતથી તેમના ઉત્સાહ સાથે સાથે રમત પ્રત્યે સમર્પણની ઉજાગર થાય છે.

## BHUPENDRA EK PED MAA KE NAAM

"એક પેડ માં કેનામ" વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં 52કરોડથી વધારે છોડ વાવવામાં આવ્યા છે. સોશિયલ મીડિયાના સંદેશમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે આ અંગે માહિતી આપી હતી.

શ્રી યાદવે લખ્યું, આ અભિયાન સીમાચિહ્નરૂપ સાબિત થયું છે. વિશ્વ પર્યાવરણ દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. શ્રી મોદીએ દરેક નાગરિકને પોતાની માતાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે એક છોડ વાવવા આહ્વાન કર્યું છે.

## PARIS PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિક્સ રમતમાં આજે છઠ્ઠા દિવસે ભારતીય ટીમ નિશાનેબાજી, તીરંદાજી અને એથ્લેટિક્સ સહિત વિવિધ સ્પર્ધામાં મેડલ જીતવા મેદાને ઉતરશે. નિશાનેબાજીમાં અવની લેખરા અને મોના અગ્રવાલ મહિલાઓની 50 મીટર એસએચ-1 શ્રેણીની રમતમાં ભાગ લેશે. જ્યારે તીરંદાજીમાં પૂજા મહિલાઓની રિકર્વ સ્પર્ધામાં મેદાનમાં ઉતરશે.

ઉપરાંત ભાગ્યશ્રી જાધવ મહિલાઓના શૉટપૂટ એફ-34ની ફાઈનલમાં ચંદ્રકમાટે રમશે. જ્યારે પુરૂષોની ઊંચી કૂદની ટી-63ની ફાઈનલમાં મરિયપ્પન થંગાવેલુ, શૈલેષકુમાર અને શરદ કુમાર ચંદ્રક જીતે તેવી આશા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચંદ્રક વિજેતા તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## TELANGANA RAINS

તેલંગાણાનાં કેટલાંક ભાગોમાં હજુ પણ વરસાદ ચાલુ છે. રાજ્યનાં ખમ્મમ, મહેબુબાબાદ અને સૂર્યાપેટ જિલ્લાનાં પુરગ્રસ્ત વિસ્તારોમાં લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો રાહત કાર્યમાં વ્યસ્ત છે. સરકારે 110 રાહત શિબિરો શરૂ કરી છે અને ચાર હજારથી વધુ લોકોને આ શિબિરોમાં ખસેડવામાં આવ્યા છે.

વરસાદને પગલે રાજ્યને પાંચ હજાર 400 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું હોવાનો સરકારનો અંદાજ છે.

દરમિયાન, હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. આજે સુરત અને ભરુચ જિલ્લા માટે અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## HARIYANA ACCIDENT

હરિયાણાના જિંદ જિલ્લામાં શ્રદ્ધાળુઓને લઈ જતા વાહન અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા ઓછામાં ઓછા આઠ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે નવ લોકો ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. નરવાણા નજીક હિસાર-ચંદીગઢ રાષ્ટ્રીય રાજમાર્ગ પર અડધી રાત બાદ આ અકસ્માત સર્જાયો હતો.

અકસ્માત અંગે જાણથતાં નરવાણા પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ઇજાગ્રસ્તોને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ગંભીર રીતે ઇજાગ્રસ્ત યાત્રિકોને અગ્રોહા P.I.G. ખાતે મોકલવામાં આવ્યા છે. આ અકસ્માત અંગે એક કેસ નોંધવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું છે.

## HOUTHI ATTACKS SHIP

યમનના હુથી મિલિશિયા જૂથે લાલ સમુદ્રમાં પનામાના ધ્વજવાળા "બ્લુ લગૂન" તેલ જહાજ પર કરાયેલા હુમલાની જવાબદારી સ્વીકારી છે. હુથી મિલિશિયા જૂથ મીડિયાના પ્રવક્તા યાહ્યા સરિયાએ જણાવ્યું હતું કે, બ્લુ લગૂન જહાજ પર મિસાઇલો અને ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો હતો.

બ્લુ લગૂન જહાજની કંપનીની ઇઝરાયેલ સાથે વેપાર કરારને કારણે તેના ઉપર હુમલો કરવામાં આવ્યો હોવાનું કારણ જણાવ્યું છે. ઘણા મીડિયા અહેવાલો અનુસાર, "બ્લુ લગૂન" એ ગ્રીકની માલિકીનું જહાજ છે જે પનામાના ધ્વજ લગાવીને દરિયાઈ વેપાર કરે છે.